






ઇંટો કરી ભેગી, 'રામમંદિર' બાંધી દીધું!
હવે ઓગાળશે લોખંડ ઐક્ય સાધી લીધું!
બન્યા 'રામ' મૂરખના હવે થશે 'સરદાર'-
ફરશે ગામડાં, યાત્રાનું ભાથું રાંધી લીધું..!
('તૂક્કા-રામ'ના ગપંગ)

ઠરી ગયું ઘી!
વિષ-દ્વેષના ઠામે -
મોઢે મુંમતી..
(તેરી-મેરી બી ચૂપ)

માન ન માન!
જાણે ન કો' જાનમાં -
મૈં તેરા વાલી!!
(શરતી પીછેહઠ)




## ચિંતન

**ભમાતા પુરૂષોત્તમો ભગવતી લક્ષ્મી સ્વયં કન્યકા, દૂતો યસ્ત બભૂવ કૌશિક મુનિ ર્યજવા વસિષ્ઠઃ સ્વયં ।**
**દાતા શ્રીજનકઃ પ્રદાન સમયે ચૈકાદશસ્થા ગ્રહાઃ કિં બ્રમો ભવિતવ્યતાં હતવિધે રામો અપિ યાતો વનમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'નશીબનો મહિમા'નો આ શ્લોક છે :

જનક જેવા પવિત્ર રાજાના ખૂદ શ્રી પુરૂષોત્તમ (રામ) જમાઇ બન્યા છે, અને સ્વયં લક્ષ્મીજી રૂપ સીતાજી કન્યા બન્યાં છે, વિશ્વામિત્ર ઋષિ જેવા જેના દૂત થયા છે અને વિવાહ યજ્ઞ કરાવનાર પરમ જ્ઞાની વશિષ્ટ ઋષિ ખૂદ લગ્નવિધિનું આયોજન કરનારા છે અને જયોતિષીઓ એ કાઢી આપેલ વખત મુજબ બધા જ શુભગ્રહો અગિયારમાં સ્થાનમાં એકત્રિથ થયેલાં છે. આમ છતાં દુષ્ટ વિધિની ક્રૂર ભવિતવ્યતા ને અમારે શું કહેવું? આવાં સીતા-રામની જુગલજોડી ને પણ વનગમનનો કપરો કાળ વેઠવો પડયો.

માનવી પુરૂષાર્થ કરવો જ જોઇએ, પણ પુરૂષાર્થનું ફળ ભાગ્યવિધાતા એ જે પૂર્વથી કર્મો અને (પૂણ્ય-પાપ) વિધિ અનુસાર નિશ્ચિત કર્યાં છે તે પ્રમાણે જ મળે છે. આજે વિજ્ઞાનક્ષેત્રની શોધો મુજબ 'સીઝેરીયન' થી બાળકના જન્મતિથિ મા-બાપ નક્કી કરે છે પણ ભાગ્યના લેખ અને પરિણામો નિશ્ચિત કરી શકતાં નથી. અહીં 'રામ વનવાસ' ના પ્રસંગનું ઉદાહરણ આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- સંબંધ એટલે કે સતત ધબકતું બંધન, તેનો આધાર હંમેશા લાગણી જ હોઇ શકે, લાગણી વિના સંબંધ ધબકી શકે નહીં **- શરદચંદ્ર**
- નિર્ભેળ, નિર્મલ પ્રેમથી પ્રેરાઇને આપણને મળવા આવતા દેવદૂત હંમેશા માનવરૂપ લઇને આવે છે, અને આપણને એમની ઓળખાણ તેમની વિદાય પછી જ થાય છે **- સ્વીસ કહેવત**
- જુદા જુદા સરનામે પીછો કરતા કરતા છેવટે આપણી અંદર જ એનું કાયમી ઠેકાણું શોધવું પડે છે અને શોધનાર ને તે મળી જ જાય છે **- ઝેન કથન**
- જીંદગી પ્રેમથી જીવાય, ભયથી નહી, આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસથી જીવાય, કેવળ ભૂતકાળ કે ભવિષ્યની ચિંતાથી વધેરાઇ જવાનો કોઇ અર્થ નથી **- સંત થોમસ**
- માણસને પ્રેરવા હોય, દોરવા હોય, અને કામ તરફ વાળવા હોય તો તેમને પ્રેમ હૂંફ આપવી. દાખલ થવું પણ દખલ ન કરવી **- જે. આર.ડી. ટાટા**
- માણસને કોઇ શબ્દ ઉછીના આપી શકે, મૌન નહીં, મૌન તો માણસે જાતે રળવું પડે **- એન્ટોન ચેખોવ**

## બોધ કથા

સરકારી અન્યાય અને શોષણનો અંજામ 'નક્ષલવાદ'. કોંગ્રેસી જૂથ અને ભાજપ સરકારી વનવાસીઓને હથિયાર આપી 'નક્ષલો' સામે લડવા 'સલવા જુડુમ'ની સ્થાપના કરી તેને સત્તા આપી - આ જૂથ નક્ષલો સામે લડવાને બદલે અંગત વેર ઉલેચી જુલ્મો દ્વારા ઘર ભરવા માંડ્યા.. અને પરિણામ તમે જોયું. તમે કેવા છો તે 'લોહી'ના ડીએનએથી નહીં પણ તમારા હૃદય પરથી ખબર પડે!

સંતે વ્યાખ્યાન આપતાં કહ્યું, 'આપણું શરીર પંચમહાભૂતનું બનેલું છે અને શરીરમાં 'સિત્તેર ટકા' તો પાણી જ છે.'

એક દલીલબાજ ભક્ત બોલી ઉઠ્યો - પણ બાબાજી આપણને ઘાવ લાગે છે ત્યારે તો પાણીને બદલે લોહી જ નીકળે છે!

લોહી નીકળે છે એ વાત સાચી પણ પાણીનો સીધો સંબંધ સંવેદના સાથે છે. કોઇ પણ દુઃખ-આઘાત-પીડાથી જયારે હૃદય દુભાય ત્યારે આંખમાંથી લોહી નથી નીકળતું સતત અશ્રુની ધાર વહે છે. પ્રકૃતિનો દિલ સાથે વિચાર અને વર્તન સાથે સીધો સંબંધ છે - નાજૂક લાગણીશીલ હૈયાંની આંખના પોપચાં સુધી પાણી ભર્યાં હોય છે તેથી જ પોચટ હૈયાં વાતે વાતે ઉભરાય છે..

જૂલ્મો અને શોષણના આઘાતથી જયારે આંખ કોરી પડે ત્યારે તેની લોહીની ભૂખ ઉઘડે છે.


# મન મુકીને વરસાદમાં ભીંજાવા માટે કોઇ લૉન લેવાની જરૂર નથી, દિલ થિરકાવતા સંગીત પર પગ થિરકાવવાનો કોઇ જ ચાર્જ નથી, અગાશીમાં જઇને આકાશ તરફ અનિમેષ તાકવાનો વૈભવ જેવો તેવો નથી...

## યે બારિશે કુછ કહતી હૈ - કૉફી હાઉસ

- ઉત્સવ પરમાર

ઇસ દૌડ મેં દોડ કે કસા કયા હૈ?
જબ યહી જીના હૈ દોસ્તો તો ફિર મરના કયા હૈ?
પહલી બારિશ મેં ટ્રેન લેટ હોને કી ફિક્ર હૈ
ભૂલ ગયે ભીગતે હુએ ટહલના કયા હૈ?
સિરિયલ કે કિરદારો કા સારા હાલ હૈ માલૂમ
પર મા કા હાલ પૂછને કી ફુરસત કહા હૈ?
અબ રેત પે નંગે પાંવ ટહલતે કયૂ નહીં?
૧૦૮ હૈ ચૈનલ ફિર દિલ બહલતે કયૂ નહીં?
ઇન્ટરનેટ સે દુનિયા કે તો ટત મેં હૈં,
લેકિન પડોસ મેં કૌન રહતા હૈ જાનતે તક નહીં
મોબાઇલ, લેન્ડલાઇન સબ કી ભરમાર હૈ
લેકીન જિગરી દોસ્ત તક પહોંચે ઐસે તાર કહા હૈં?
કબ ડૂબતે હૂએ સૂરજ કો દેખા થા, યાદ હૈ?
કબ જાના થા શામ કા ગુજરતા કયા હૈ?
તો દોસ્તો શહર કી ઇસ દોડ મેં દોડ કે કરતા કયા હૈ
જબ યહી જીના થા તો ફિર મરના કયા હૈ...

ઝરમર ઝરમર વરસાદ વચ્ચે એકદમ જ ભીંજવી દે તેવી કવિતા હાથે ચડે તેની મજા જેવી તેવી નથી હોતી. પીપળાનાં પાન પર નાચતો વરસાદ, ઇન્સ્યુલેટડ કેબલો પર સરકતો વરસાદ, ભીની માટીઓનાં રંગ ઓગાળતો વરસાદ ને ગરમ કોફીની ધુમ્મસ પાછળ વિચારોમાં મેઘધનુષ લઇને દોડતો વરસાદ... એક હૈયાભીની કવિતા મૂકતો ગયો. એક આખી મોસમ હળવા પીંછાઓની જેમ બારીમાંથી ઉડીને આવી ગઇ. રોજ સવાર સાંજ દોડતાં રસ્તા રોકાઇ ગયા, એકડાં - સૂંકા-બળેલા વૃક્ષો માટે જાણે જીવનની નવી દિશાઓ આકાશમાંથી ખુલી ગઇ, સ્પેકટ્રમનો નવો રંગ... હવે કાચિંડાઓની બદમાશી ઝાઝી નહીં ચાલે હો...!!



એક મેકેનિક લાઇફમાં શરીર મશીનથી વિશેષ નથી હોતું. કોફીનમાં પડેલી લાશ અને કોઇ એસેમ્બલી લાઇન પર કામ કરતાં મામસો વચ્ચે કેટલો ફેર? માત્ર ક્રિયાશીલતા નો? મશીનની માણસને કયાં સુધી "જીવતો" ગણવો?

સમય ભાગી રહ્યો છે - ઘડિયાળનાં કાંટાઓ તોફાને ચડ્યા છે. વક્તનાં સિતમો સામે ધડકતું દિલ પણ હારીને ઊભું છે. વરસાદને જોવાની ફુરસદ નથી ને આંખો ડિસપ્લે બોર્ડ પર ફ્લેશ થતી ટ્રેનની ડિટેઇલ્સ પર છે. માણસોનાં દરિયાની લહેરમા પાણીનાં પરપોટાની જેમ જિંદગી વહેતી જાય છે, અવર, ગ્લાસમાંથી રેતી સરકી રહી છે - ને રેતી પર પડેલાં પગનાં નિશાન મટી રહ્યાં છે... સાંભળો છો? છેલ્લે છત્રીની કોરી રાખીને તમે કયારે ભીંજાયા હતા?

આ સદીની આંગળીઓની નીચે જાદુઇ સપાટીઓ તરી રહી છે - એક સમાંતર પેરેલલ વર્ચ્યુઅલ યુનિવર્સ, માઇક્રોચીપ્સ અને પ્રોસેસરોએ ખડુ કરી દીધું છે. અંગૂઠા અને આંગળીઓનાં ઇશારાઓ પર આ માયાવી દુનિયા નાચી રહી છે. બેડરૂમોમાં એકલતા ભરાઇ ગઇ છે ને તે ચેટરૂમોમાં ભીડ... ઘરની દિવાલો પર ખાલીપો છે ને વોલ પર ચીસો - ગઇકાલ સાંજ સુધી હસતો હતો એ બાંકડો ઉદાસ ઉદાસ બેઠો છે - પેલા બગીચાનાં ફૂલો બસ અપલોડેડ તસવીરોની શોભા છે - પેલા જાલિમ પહાડોની ખૂબસૂરતી ૨૧ ઇંચની સ્ક્રીનમાં સમાતા પ્રોગ્રામની હાઇલાઇટ્ બની ગઇ છે - બસની છેલ્લી સીટ પર બેસી મોબાઇલમાં વરસતી તસ્વીર જોઇ 'વાઓ' કહેનારી પેલી છોકરી બારીની બહાર વરસતા વરસાદને આંખોમાં અપલોડ કરવાનું ભૂલી રહી છે. ટીપ... ટીપ... ટીપટીપ... ટપ... ટપ... ટપટપ...

જિંદગીમાં ના માણેલી ક્ષણોનું, દોસ્તો, કોઇ રિફન્ડ નથી હોતું. એ ક્ષણોને મુઠ્ઠીમાં દબાવી ખિસ્સામાં મુકી દેવાતી નથી - બસ એ વહી જ જાય છે - ને પાછળ યાદોનાં નિશાન છોડી જાય છે. તમને ખબર છે - દિલ ખોલીને હસવા પર કોઇ ટેક્સ નથી. મન મુકીને વરસાદમાં ભીંજાવા માટે કોઇ લોન લેવાની જરૂર નથી. દિલ થિરકાવતા સંગીત પર પગ થિરકાવવાનો કોઇ જ ચાર્જ નથી. અગાશીમાં જઇને આકાશ તરફ અનિમેષ તાકવાનો વૈભવ જેવો તેવો નથી... સાફ હવામાં છાતી ભરીને શ્વાસ લેવો લ્હાવો છે - તડકાઓમાં પલળીને છાંયડાઓ નીચે ભીંજાવાની મોસમ કયાંથી ડાઉનલોડ કરશો? ભીડ ભરેલી બસમાં અજાણી આંખોનાં સરનામા તમારા ઇનબોક્સમાં કોણ નાખશે? મ્યુઝીક પ્લેયરનાં ઊંચા વોલ્યુમમાં પોતાની અંદરનો અવાજનું સંગીત કયારે સાંભળશો?

"ટચ" અને 'સ્પર્શ' એ બંને જુદા શબ્દો છે. મેઘધનુષનાં રંગો પ્રિન્ટ કરી આપે એવું કોઇ પ્રિન્ટર છે ખરૂં? કોઇ રંગીન લાઇટો સાંજનાં આકાશનાં રંગો પાથરી શકે ખરી? કોઇ પરફ્યુમ સ્પ્રે ભીંની માટીની મહેક પેદા કરી શકે ખરી? દુનિયાભરની તમામ ટેકનોલોજી હૃદયભીનો માણસ રચી શકે ખરી? ટેકનોલોજી માત્ર જીવન સહાયક છે - સ્વયં જીવન નહીં.

જિંદગી મશીનોમાં ગેઝેટ્સમાં નથી - તે તમારી ભીંતર છે - તમારી અંદર ધબકે છે... "ફ્રેન્ડસ" અને "દોસ્ત" જુદા શબ્દ છે - "રિલેશન" અને "સંબંધ" પણ જુદા શબ્દ છે... આ બધાં અંતઃવિરોધની વચ્ચે આ જિંદગીનાં રંગ તમારા દિલથી છૂટશે... એ જ સાચી જિંદગી છે... જિંદગી ફૂલની જેમ - કેન્દ્રથી પરિઘ તરફ છે - અંદરથી બહાર છે... બસ કહો તમે કયારે ભીંતર જુઓ છો??

- ch9723367947@yahoo.com

# પંચાયત પાણી સમિતિની બંધારણમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે?

### ● વિષય : પંચાયતી રાજ

(૧) કોઈ પણ તાલુકાની મુલાકાત ફેરણીમાં કોઈ કસૂર થતી જણાય તો કોણ અંગત જવાબદાર ગણાશે?
(અ) મામલતદાર (બ) જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી
(ક) સર્કલ ઈન્સ્પેક્ટર (ડ) ડ્રગ ઈન્સ્પેક્ટર

(૨) જાહેર જળાશયો, વારિગૃહો, કુવાઓ ઉપર વિના રોકટોક પાણી ભરી શકે તે માટે કોણે સૂચનો કરેલા છે?
(અ) સરકારશ્રીના શિક્ષણ તથા મજૂર વિભાગે (બ) મામલતદાર
(ક) આરોગ્ય વિભાગ (ડ) ગૃહવિભાગ

(૩) ગ્રામ/નગર પંચાયત હરીજનો તથા નબળા લોકોની ભેદભાવ તથા પંચાયત નિષ્ફળ નીવડે તો રાજય સરકાર શું પગલાં લેશે?
(અ) વધારે અનુદાન આપશે (બ) ગામને તલાટી નહિ આપે (ક) રાજય સરકારની અનુદાનની રકમ અટકાવશે (ડ) સરપંચને દૂર કરશે

(૪) સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓનું અનુલક્ષીને કાયમી વ્યવસ્થા તરીકે સમાજકલ્યાણ સમિતિનું સ્વરૂપ જણાવો.
(અ) કાયમી સ્વરૂપ (બ) ૧૦ વર્ષીય
(ક) બિન ઉપયોગી સ્વરૂપ (ડ) ૧૫ વર્ષીય સમિતિ સ્વરૂપ

(૫) અસ્પૃશ્યતા નિવારણ માટે પ્રચાર માટે અધિકારીઓ ગ્રામ/નગરની મુલાકાત લે ત્યારે સરપંચશ્રીઓ તથા સભાપતિઓની કેવી ફરજ છે?
(અ) કાયદેસર (બ) નૈતિક
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એક પણ નહિ

(૬) ગામડાઓમાં વિચરતી - વિમુક્તિ જાતિઓનાં ભાઈ-બહેનો માટે સીપણ મહત્તમમાં ખરીદમાં કેટલા ટકા સહાય મળે છે?
(અ) ૫૦ ટકા સહાય (બ) ૨૫ ટકા સહાય
(ક) ૧૦૦ ટકા સહાય (ડ) ૭૫ ટકા સહાય

(૭) હરીજનો ઉપર અસ્પૃશ્યતા અથવા ભેદભાવ રખાતો હોય તો ત્યાં જાત તપાસ કોણ કરશે?
(ક) મામલતદાર (ડ) તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ.)

(૮) ભેદભાવ તથા અસ્પૃશ્યતા અટકાવવા નિષ્ફળ ગ્રામ પંચાયતની અનુદાન કઈ કલમ હેઠળ અટકાવાય છે?
(અ) કલમ ૯૮ (બ) કલમ ૯૨ (ક) કલમ ૯૪ (ડ) કલમ ૯૩

(૯) હરીજનોને વારિગૃહ ઉપર પાણી નહીં ભરવા દેનાર પંચાયત ઉપર શું થશે?
(અ) કાયદેસર પગલાં લેવામાં આવશે (બ) પંચાયતને તલાટી નહિ અપાય (ક) પંચાતમાંથી સરપંચ દૂર કરાશે (ડ) મામલતદારને સજા થશે

(૧૦) ગ્રામસભા, પંચાયતના ઠરાવોની કાર્યસૂચિ, બેઠકની કાર્યવાહીની નોંધ અને મુશ્કેલી જણાય તો કોને સંપર્ક કરવો?
(અ) સરપંચશ્રી (બ) તાલુકા વિકાસ અધિકારી
(ક) તલાટી-કમ-મંત્રી (ડ) મામલતદારને સજા થશે


(૧૧) પંચાયતની પાણી સમિતિમાં કોણ ભાગ લઈ શકે પરંતુ મતના આપી શકે?
(અ) ગ્રામસેવક (બ) તલાટી-કમ-મંત્રી
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એક પણ નહિ

(૧૨) પંચાયતની પાણી સમિતિમાં મંત્રી કોણ હશે?
(અ) તલાટી કમ-મંત્રી (બ) સરપંચ (ક) ઉપરોક્ત બંને (ડ) ધારાસભ્ય

(૧૩) પંચાયત પાણી સમિતિની બંધારણમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે?
(અ) ૧૦ થી ૧૨ (બ) ૮ થી ૧૨ (ક) ૧૧ થી ૧૩ (ડ) ૧૨ થી ૧૫

(૧૪) તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમતિની સમિતિનાં કાર્યો કયા છે?
(અ) દારૂબંધી પ્રચાર (બ) અસ્પૃશ્યતા નિવારણ
(ક) ગામડામાં શિક્ષણ (ડ) ઉપરોક્ત ત્રણેય

(૧૫) સમુહલક્ષી યોજનાઓ કઈ છે?
(અ) ચર્મકુંડ સહાય (બ) યુવક મંડળને સાધન સહાય
(ક) કૉલેજ વિદ્યાર્થીઓ માટે બુક-બેન્ડ (ડ) ઉપરનાં ત્રણેય




### ● વિવિધા ●

**વિષય :- ભારતમાં ક્રાંતિકારી સંસ્થાઓ**
**સંસ્થા, સ્થાપક, વર્ષ, સ્થાપક અને સ્થાન**

- મિત્ર મેલા - ૧૯૦૧ - સાવરકર બંધુ - પૂના
- અનુશીલન સમિતિ (૧) - ૧૯૦૨ - જ્ઞાનેન્દ્રનાથ બોસ - મિદનાપુર
- અભિનય ભારત - ૧૯૦૪ - વી.ડી. સાવરકર - પૂના
- સ્વદેશ બાંધવ સમિતિ - ૧૯૦૫ - અશ્વિનકુમાર દત્ત - બારિસાલ
- અનુશીલન સમિતિ (૨) - ૧૯૦૭ - વીરેન્દ્રકુમાર અને ભૂપેન્દ્ર દત્ત - ઢાકા
- ભારતમાતા સોસાયટી - ૧૯૦૯ - અજીતસિંહ અને અંબાપ્રસાદ - પંજાબ
- હિન્દુસ્તાન રિપબ્લીકન એસોસીયેશન - ૧૯૨૪ - શચિન્દ્રનાથ સન્યાય - કાનપુર
- નૌજવાન સભા - ૧૯૨૬ - ભગતસિંહ - કાનપુર
- હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લીકન એશોસીયેશન - ૧૯૨૮ - ચંદ્રશેખર આઝાદ - દિલ્હી

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - તાજેતરમાં પેટા ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળના કયા દબંગ નેતા લોકસભાની શીટ જીત્યા?

જવાબ - પ્રભુનાથ સિંહ

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી
(૩) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) ગૌરાંગ. ડી. પટેલ : સે-૨૯

### ● પૂછું એક સવાલ...?

(૧) જૈમિન. એચ. પટેલ : સે-૨૩
પ્રશ્ન - કેલિકો મ્યુઝીયમ ઑફ ટેક્ષ્ટાઈલ કયાં આવેલું છે?
જવાબ - અમદાવાદ
(૨) ધાર્મિક એસ. પટેલ (ગાયત્રી રેસીડન્સી - ધોળેશ્વર મહાદેવ પાસે)
પ્રશ્ન - કયા શહેરને સૌરાષ્ટ્રનું પેરિસ કહે છે? જવાબ - જામનગર
(૩) શાહ મિતુલ ડી. સે-૨૯
પ્રશ્ન - ભારતના કયા નેતા રાજાજી તરીકે જાણીતા હતા?
જવાબ - સી. રાજાગોપાલાચારી

(અનુસંધાન પાના નં. ૬ પર)

### મારો દીકરો

એક ભાઇને તેમના દીકરાની ક્રિકેટની રમતમાં ખૂબ રસ પડતો તો. તેમને ખૂદને ક્રિકેટમાં સહેજ પણ રસ નહોતો તેમ છતાં એક ઉનાળુ વેકેશનમાં તે તેના સંતાનને ખાસ એક ક્રિકેટ ટુર્નામિન્ટ જોવા માટે લઇ ગયો. આની પાછળ એનું આખું અઠવાડીયું ગયું અને કેટલાય રૂપિયાનો ખર્ચો થયો.

આ ભાઇને કોઇએ પૂછ્યું, "શું તમને ખરેખર ક્રિકેટની રમત આટલી ગમે છે?" તમે તમારો કેટલો બધો સમય અને પૈસા તેને માટે ખર્ચ્યાં?

આ ભાઇએ જવાબ આપ્યો, "ના, મને ક્રિકેટની રમત સહેજ પણ નથી ગમતી, પણ મારો દીકરો એટલો બધે ગમે છે માટે."




- રેખા ભટ્ટ અને પૂજા ભટ્ટ

### "જીભ" વિશે

- કદની દૃષ્ટિએ જીભ શરીરનો સૌથી મજબૂત સ્નાયુ છે.
- આપણા શરીરમાં જીભ એક જ એવો સ્નાયુ છે કે જેનો એક છેડો ખુલ્લો છે અને બીજો છેડો ગળામાં જોડાયેલો છે.
- જીભ પર થયેલી ઇજા સૌથી વધુ ઝડપથી મટી જાય છે.



- જીભ ઉપર ૩૦૦૦ કરતાંય વધુ સ્વાદ ગ્રંથિઓ હોય છે.
- મગર પોતાની જીભ બહાર કાઢી શકતો નથી.
- સાપની જીભને બે ફાંટા હોય છે.
- જિરાફની જીભ ઉપર વાળ હોય છે. એટલે જ તે કાંટાવાળા ઝાડ પાન પણ ખાઇ શકે છે.
- દેડકો મચ્છર જેવા ઉડતાં જંતુઓને જીભનાં લપકારાથી પકડી લે છે.
- કાચીંડાથી જીભ તેના શરીરની લંબાઇ કરતાં ખુબ લાંબી હોય છે.

### બનો વૈજ્ઞાનિક

કોઇ સ્થળે ઓચિંતી આગ લાગે અને કોઇ હાજર ન હોય તો? રાત્રે બધા સૂઇ રહ્યા હોય અને આગ લાગે તો? આવા સંજોગોમાં આગ લાગ્યાની આપમેળે જાણ થાય અને આપમેળા આગ બુઝાય તે માટે ફાયર સ્પ્રીંકલર ઉપયોગી થાય છે.

સ્પ્રીંકલર એટલે પાણી છાંટતો ફુવારો. ઇ.સ. ૧૯૭૦માં હેન્રી પાર્મેલી નામના ટેકનીશીયતને આ ઓટોમેટીક ફુવારો શોધ્યો હતો. જે આસપાસમાં આગ લાગે ત્યારે તેની ગરમીથી આપોઆપ ચાલુ થઇ પાણીનો છંટકાવ ચાલુ કરી દે છે. એકવાર તેઓનાં ઘરમાં રાત્રે ઓચિંતી આગ લાગી હતી. તેમાં તેમનો ઘણો માલસામાન બળીને રાખ થઇ ગયો હતો. ત્યારથી તેઓ સતત વિચાર કરતાં હતા કે એવું કોઇ સાધન શોધવું જોઇએ કે જેથી આવી ઓચિંતી આગ લાગે તો કાબૂમાં લઇ શકાય.

અને પછી તેમણે આવા ઉપયોગી ઓટોમેટીક ફુવારા શોધી કાઢયા હતા. આજે વપરાતાં ફાયર સ્પ્રીંકલરની રચના સાદી છે. પાણીના ફુવારાના ગોળાકાર છેડાના મુખ્ય છિદ્ર ઉપર ધાતુનો વાલ્વ હોય છે. આગ લાગે ત્યારે ઉષ્ણતામાન વધે અને તેની ગરમીથી આગ પીગળી જાય. અને ફુવારામાંથી ચારે તરફ પાણીનો છંટકાવ થવા માટે. આ ફુવારાની આસપાસ ૭૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન થાય કે તરત જ વાલ્વ પીગળે તેવી ગોઠળણ હોય છે. "જરૂરિયાત સંશોધનની જનની છે."

## નવરા પડો ત્યારે : અવળે પ્યાલે પાણી પીવાય?



સામાન્ય રીતે આપણે પાણી કે બીજું કશું પણ કેવી રીતે પીએ છીએ? પ્યાલો, વાડકો વગેરે વાસણને સામેથી આપણા મોં ભણી નમાવીએ! આ પ્રમાણે પીણું પીતી વેળા આપણું નાક વાસસની અંદર રહે છે. પરંતુ તમે નાકને વાસણની બહાર રાખીને પીવાનો કદી વિચાર સુદ્ધાં કર્યો છે ખરો? નિરાંતની વેળાએ આવી કોશિશ કરી જોવા જેવી છે.

મને ખાતરી છે કે પહેલી દશ કોશિશોમાં તો તમે પીણું ઢોળ્યા વગર આમ નહિ જ કરી શકો! આ સાથે આપેલા ચિત્રમાં એક ભાઈ અવળે પ્યાલે પાણી પીવા મથી રહેલા દેખાય છે.